જિલ્લામાં કોરોના ભયાવહ બન્યો : નવા ૨૭૬ કેસ

ગાંધીનગરમાં ૪૫, દહેગામમાં ૧૫, કલોલમાં ૩૫, માણસામાં ૨૦ કેસ નોંધાયા : જિલ્લામાં આજે પણ સૌથી વધુ મહિલા દર્દી સંક્રમિતોની યાદીમાં : ગાંધીનગર શહેરના સેક્ટરોમાં ૯૨ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૬૯ કેસ નોંધાયા : સરગાસણમાં ૩ વર્ષની બાળા અને ૮ વર્ષનું બાળક સંક્રમિત થયુ : સરઢવમાં કોરોનાથી એક જ દિવસમાં ૬ ના મોત થતાં ગામ આખુ શોકાતુર બન્યુ : દર્દીઓને સારવાર માટે પરિવારજનોની રઝળપાટ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના અજગરી ભરડો યથાવત આજે પણ રહેવા પામ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાની સારવાર દરમ્યાન બે વ્યક્તીના મૃત્યુ થયાનું સરકારની સત્તાવાર યાદીમાં જણાવાયુ છે જો કે જિલ્લાતંત્રએ આ અંગે મૌન સેવ્યુ છે.

જિલ્લામાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને લઈ દર્દીઓએ હવે સારવાર માટે રઝળપાટ શરૂ કરી દીધી છે. સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલોમાં જગ્યા ખાલી ન હોવાથી દર્દીઓની હાલાકી સતત વધી રહી છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે ગઈકાલે એક જ દિવસમાં કોરોનાની સારવાર દરમ્યાન ૬ દર્દીના મોત થતાં ગામ આખુ શોકમાં ગરકાવ થઈ ગયુ છે. ગ્રામ પંચાયત અને વેપારી આગેવાનોએ સંયુક્ત રીતે ગામમાં છવારે ૬ થી ૧૦ અને સાંજે ૫ થી ૮ દરમ્યાન જ દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય કર્યો છે. ખરીદી વખતે સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમ પણ પંચાયત અને વેપારીઓએ જણાવ્યુ છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક વધી રહ્યાની વાતનો પડઘો જિલ્લા પંચાયતમાં આરોગ્ય સમિતિની પ્રથમ બેઠક દરમ્યાન પણ પડવા પામ્યો હતો. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા મૃત્યુઆંકને લઈ તંત્રએ ચૂપકીદી સાધી લીધી છે.

જિલ્લામાં આજે કોરોનાના ૨૭૬ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૫ અને ગાંધીનગર શહેરમાં ૧૬૧ કેસ નોંધાયા છે. જિલ્લામાં રિકવરી રેટ પણ વધવા પામ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતાં સંક્રમણને લઈ તંત્ર પણ હવે લાચાર બન્યું છે. અંતરિયાળ ગામોમાં કેસો સતત વધી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ જે રીતે કથળી છે તેને લઈ ગ્રામીણ પ્રજામાં પણ રોષની લાગણી ઉભી થવા પામી છે.

જિલ્લામાં ઓક્સીજનની ડિમાન્ડ પણ દર્દીઓ માટે વધવા પામી છે. આ ઉપરાંત ઈન્જેક્શન અને દવાઓ પણ પુરતા પ્રમાણમાં નહિ મળતી હોવાની ફરિયાદોથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૫ કેસ, ગાંધીનગરમાં ૪૫ કેસ, કલોલમાં ૩૫ કેસ અને માણસામાં ૨૦ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૦ મહિલા દર્દી, ૧૦ કર્મયોગી, ૧૯ ખેડૂત સંક્રમિતોની યાદીમાં છે. જિલ્લામાં હવે યુવાનો પણ મોટી સંખ્યામાં સંક્રમિત થઈ રહ્યા છે. આ ઉપરાંત મહિલા દર્દીઓ તેમજ પરિવારો સંક્રમિત થઈ રહ્યાની વાતને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે.

દહેગામમાં આજે નોંધાયેલા ૧૫ કેસમાં દહેગામ અર્બનમાંથી ૬ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત હાલીસામાંથી ૩, નાંદોલમાંથી ૨, ધમીજ, શિયાવાડા ઝીંડવા, સાણોદા ગામેથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૪૫ કેસ નોંધાયા છે. તાલુકામાં કોરોનાએ જે રીતે અજગરી ભરડો લીધો છે તેનાથી તંત્ર પણ હચમચી ઉઠ્યુ છે. તાલુકામાં સતત સંક્રમણ વધી રહ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં ડભોડામાં ૪, ઈસનપુર મોટામાં ૫, એરફોર્સ આલમપુર ખાતે ૪, મોટા ચિલોડા-છાલામાં ૩-૩ કેસ, લેકાવાડા, દોલારાણા વાસણા, સાદરા, લવારપુર, મગોડીમાં ૨-૨ કેસ ઉપરાંત આદરજ મોટી, ભોંયણ રાઠોડ, પુન્દ્રાસણ, રાજપુરા, ચંદ્રાલા, ધણપ, ગિયોડ, શાહપુર, રૂપાલ, આલમપુર, નવા પાલજ, ઉનાવા, શેરથા, તારાપુર, ઉવારસદમાંથી કેસો મળી આવ્યા છે.

કલોલમાં આજે વધુ ૩૫ કેસ નોંધાયા છે. કોરોનાથી કલોલવાસીઓ ભય અનુભવી રહ્યા છે જે રીતે તાલુકામાં સંક્રમણ વધ્યુ છે તેને પગલે સમગ્ર તાલુકામાં હાહાકાર મચી જવા પામ્યો છે. કોરોનાની આ બીજી લ્હેરમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર પણ હવે ચિંતાતુર બન્યુ છે.

કલોલ અર્બનમાં આજે બીજે દિવસે પણ ૧૨ કેસ નોંધાયા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાં ૭ કેસ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાં ૫ કેસ નોંધાયા છે આ ઉપરાંત બોરીસણામાંથી ૬, બાલવામાંથી ૩ કેસ, શોભાસણ અને પીયજ ગામેથી ૨-૨ કેસ ઉપરાંત મોખાસણ, પલીયડ, પલીયડવેડા, છત્રાલ, સાંતેજ, રાંચરડા, ધમાસણા, અલુવા, સોજા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે ૨૦ કેસ નોંધાયા છે. જેમાં માણસા અર્બનમાંથી ૭ કેસ અને અંબોડમાંથી ૩ કેસ મળવા ઉપરાંત આજોલ, ચરાડા, ફતેપુરા, સૌલેયા, રંગપુર, બદપુરા, ગુન્મા, ઈશ્વરપુરા, પ્રતાપનગર, રામપુરા ગામેથી કેસો મળી આવ્યા છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત ઉભી થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૪ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૫૪૩૨ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૩૮ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૩૨૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાનું સંક્રમણ વધતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. નવા ઉમેરાયેલા વિસ્તારોમાંથી વધુ ને વધુ કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રની ચિંતા પણ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૬૧ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નવ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસપિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે મહિલાઓ, મોટીવયના લોકો અને યુવાઓ સંક્રમિત થઈ રહ્યા છે તેનાથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે. શહેરમાં આજે બે બાળકો પણ સંક્રમિત થયા છે. ૮ વર્ષનું બાળક અને ૩ વર્ષની નાની દિકરી સંક્રમિત થતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૨૨, ૨૪, ૨, ૧, જીઈબીમાંથી ૪-૪ કેસ, સે. ૬, ૧૩ માંથી ૭ કેસ, સે. ૫, ૭, ૨૭, ૩૦, ૨૮ માંથી ૬-૬ કેસ, સે. ૧૨ માંથી ૫ કેસ, સે. ૮, ૨૧, ૧૭ માંથી ૩-૩ કેસ, સે. ૨૩, ૨૦, ૩-એ-ન્યુ, ૧૬ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨૯, ૧૪ અને ૪ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણમાંથી ૧૮, સરગાસણમાંથી ૧૭, વાવોલમાંથી ૯, કોલવડામાંથી ૭, રાદેસણમાંથી ૪, ભાટ અને રાયસણમાંથી ૨-૨ કેસ ઉપરાંત ઝુંડાલ, ખોરજ, કોબા અને રાંધેજામાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે ૭૧ મહિલા દર્દીઓ સંક્રમિતોની યાદીમાં છે. શહેરમાં આજે સેક્ટરોમાં ૯૨ નવા કેસ અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૬૯ કેસ નોંધાયા છે.

શહેરમાં રિકવરી રેટ ઘટવા પામ્યો છે. શહેરમાં આજે વધુ ૪૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા વધતાં તંત્રએ સઘન મોનીટરીંગ કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના કડક અમલીકરણ અંગેની સૂચનાઓ જારી કરી છે.

સમિતિઓના ચેરમેનોની નિયુક્તી માટેની બેઠકોમાં ભાજપને પ્રથમ ગ્રાક્ષે મક્ષિકા જેવુ થયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૪ જેટલી સમિતિઓના ચેરમેનોની નિયુક્તી માટે આજે બોલાવાયેલી સમિતિઓની પ્રથમ બેઠક ભાજપ માટે "પ્રથમ ગ્રાક્ષે મક્ષિકા" જેવી પુરવાર થઈ હતી.

આજે કારોબારી સમિતિના ચેરમેનની નિયુક્તી માટેની પ્રથમ બેઠકમાં જ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન હાજર રહ્યા ન હતા. આ ઉપરાંત સમિતિના માત્ર ૪ થી ૫ સભ્યો જ હાજર રહ્યા હતા. સમિતિના ચેરમેન પદે જેમની વરણી થવાની હતી તે દિનેશજી ઠાકોર જ સભામાં મોડા પડ્યા હતા.

બીજી તરફ અપીલ સમિતિની બેઠક કોરમના અભાવે મુલ્તવી રાખવી પડી હતી. બે સભ્યો નાદુરસ્તીને લઈ આવ્યા ન હતા તો ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા પણ સામાજિક કારણોસર બહાર ગયા હોવાથી હાજર રહ્યા ન હતા. અપીલ સમિતિના ચેરમેન તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ જ હોદ્દાની રૂએ હોય છે. પણ સમિતિની બેઠક મુલ્તવી રાખવી પડી હતી. ગુરૂવારે પુનઃ આ સમિતિની બેઠક મળશે અને ચેરમેનની નિયુક્તી વિધિવત્ રીતે કરવામાં આવશે. આરોગ્ય સમિતિની બેઠકમાં સભ્ય સચિવ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી જ મિટીંગમાં ૧૫ મિનિટ કરતા વધુ મોડા આવ્યા હતા અને ઔપચારિકતા પૂર્ણ કરી હતી.

જો કે આરોગ્ય સમિતિની પ્રથમ બેઠકમાં જ સભ્યોએ કોરોનાની સ્થિતિ અને તેમાં પણ અધિકારીઓ ચેમ્બરમાં બેસી સ્થિતિ કેવી રીતે નિયંત્રણમાં લેવી તેની ચર્ચામાં વ્યસ્ત રહેવાની વાતને લઈ સભ્યોએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

આજે સમિતિઓના ચેરમેનોની નિયુક્તીને લઈ પંચાયત સંકુલમાં આવેલા સભ્યો આરોગ્ય અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગ્રામીણ વિસ્તારોની મુલાકાત ન લેતા હોવાની વાતને લઈ ઉગ્ર ગણગણાટ કરતા જોવા મળ્યા હતા. ગ્રામીણ વિસ્તારમાં જે રીતે મૃત્યુ નોંધાઈ રહ્યા છે અને તંત્રની સેવાઓ ઉપલબ્ધ ન હોવાને લઈ સભ્યોમાં રોષ સ્પષ્ટ જોઈ શકાતો હતો. શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે નાથુભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયતમાં હવે ગુરૂવારે સામાજિક ન્યાય સમિતિ, બાંધકામ સમિતિ, મહિલા-બાળ વિકાસ સમિતિ, ખેત ઉત્પાદન સહકાર સમિતિ તેમજ આજે મુલ્તવી રહેલી અપીલ સમિતિની બેઠકો મળશે.

જિલ્લા પંચાયતમાં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી સમિતિઓની રચનાને લઈ થયેલા ગણગણાટને શિસ્તને નામે સમાવી દેવામાં આવ્યો હતો. હવે આજે કારોબારી સમિતી જેવી મહત્વની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીની ગેરહાજરીને લઈ ગણગણાટ શરૂ થયો છે.

સેકટરોમાં સેનેટાઈઝેશનની કામગીરી ત્વરિત હાથ ધરવા માટે રજુઆત

સે-૨૩માં ૬૫ ટકા વસ્તી સિનિયર સિટીઝન્સની છે ત્યારે આ વિસ્તારમાં સમયસર સેનેટાઇઝેશન કરવા માટે પણ રજુઆત

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. સેકટરોમાં પણ શેરીએ શેરીએ કોરોનાના દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. ત્યારે કોરોના સામે લડત આપતા સેકટરવાસીઓને અનુલક્ષી શહેરમાં સેનેટાઈઝેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવે તે અનિવાર્ય છે. સે-૨૩ માં પણ રહેણાંક વિસ્તારમાં મોટાભાગની સિનિયર સિટીઝન્સની છે. સેકટરમાં અંદાજિત ૬૫ ટકા સિનિયર સિટીઝન્સનો વસવાટ છે. આ વિસ્તારમાં પણ ત્વરિત દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગણી પ્રબળ બની છે.

શહેરમાં વધતા કોરોનાના કહેર વચ્ચે સેકટરોમાં સેનેટાઈઝેશન કરવાની અનિવાર્યતા છે. શહેરના સેકટરોની શેરીઓમાં પણ અગાઉ સેનેટાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે હાલની સ્થિતિએ કેસ વધી રહ્યા છે. સેકટરોમાં મોટાભાગના ઘરે નાગરિકો સંક્રમિત છે. ત્યારે સેકટરોમાં સ્વચ્છતા અને સેનેટાઈઝેશનની કામગીરી યોગ્ય સમયે થાય તે અનિવાર્ય છે. સે-૨૩ માં પણ સિનિયર સિટીઝન્સની સંખ્યા વિશેષ છે. આ અંગે વોર્ડ નં - ૪ ના કોર્પોરેટર નીલાબેન શુકલએ રજુઆતમાં જણાંવ્યા મુજબ તંત્ર કોરોનાની મહામારીના સંજોગોમાં યુધ્ધના ધોરણે કામ કરી રહ્યુ છે. જયારે નાગરિકો પણ આ મહામારી સામે લડત આપી રહ્યા છે. આ સંજોગોમાં હજુ સેકટરોમાં સેનેટાઈઝેશનની કામગીરી શરૂ કરવામાં આવી નથી. ત્યારે પ્રત્યેક સેકટરોને તબક્કાવાર આવરી લેવામાં આવે તે પણ જરૂરી છે. બીજીતરફ સે-૨૩ માં પણ મોટાભાગની વસતી સિનિયર સિટીઝન્સની છે. સેકટરમાં અંદાજિત ૬૫ ટકા સિનિયર સિટીઝન્સનો વસવાટ છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓ પણ કોરોના સામે જંગ જીતવા લડત આપી રહ્યા છે. સેકટરમાં પણ ત્વરિત સેનેટાઈઝેશનનુ કામ હાથ ધરવામાં આવે તેમ પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.

ગાંધીનગર ડેપોએ સલામત સવારીની ૭૫ ટકા ટ્રીપોનુ સંચાલન બંધ કરી દીધુ

કોરોનાની મહામારી વચ્ચે એસ ટીમાં મુસાફરો મળતા નથી : પોઇન્ટ બસ સેવા પણ મર્જ કરી : મુસાફરોના અભાવે બસો ખાલી દોડે છે

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના વધતા કેસ વચ્ચે સલામત સવારીની મોટાભાગની ટ્રીપો પણ બંધ

કરી દેવામાં આવી છે. ગાંધીનગર ડેપો દ્વારા હાલ માત્ર ૨૫ ટકા ટ્રીપોનુ જ સંચાલન કરવામાં આવે છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ ટી બસ સેવાને અનુલક્ષીને પણ બસમાં કોઇ ટ્રાફિક જોવા મળતો નથી જેના લીધે અસે ટી ડેપોએ હાલની સ્થિતિએ ૭૫ ટકા ટ્રીપોનુ સંચાલન બંધ કરી દીધુ છે.

ગત વર્ષના લાંબા લોકડાઉન બાદ એસ ટી બસના પૈડા માંડ ટ્રેક પર દોડતા થયા હતા લોકડાઉનના લીધે એસ ટી નિગમે પણ મોટી આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો હતો. જયારે લોકડાઉનના અંતે સ્થિતિ થાળે પડયા બાદ શહેરી બસ સેવા સહીત ગાંધીનગર ડેપોએ બહાર ગામના રૂટોની બસો પણ શરૂ કરી દીધી હતી. એસ ટી નો બસ વ્યવહાર અગાઉની જેમ માંડ સામાન્ય થયો હતો ત્યાં કોરોનાની બીજી લહેરના લીધે સંક્રમિતોની સંખ્યા વધતા એસ ટી સેવા પર વિપરિત અસર થઇ છે. હાલ એસ ટી ડેપોએ ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી ટ્રીપો પૈકી ૭૫ ટકા ટ્રીપ બંધ કરી દેવાની ફરજ પડી છે. અગાઉના રૂટીન રૂટ મુજબ ગાંધીનગર ડેપોએથી અંદાજિત ૬૦૦ જેટલી ટ્રીપો પ્રતિદિન દોડવવામાં આવતી હતી પરંતુ હાલના સંજોગોમાં સલામત સવારીને ટ્રાફિક મળતો નથી એકબાજુ રાત્રિ કરફયુ ચાલુ છે. જયારે દિવસ દરમિયાન પણ નાગરિકો પોતાના વાહનમાં જ જવાનુ પસંદ કરે છે. આ ઉપરાંત કામ સિવાય ઘરની બહાર પણ નિકળતા નથી. શાળા કોલેજો બંધ છે. જયારે નોકરિયાત વર્ગમાં પણ અપડાઉન કર્તાઓની સંખ્યા નહીંવત જોવા મળી રહી છે. આવા સંજોગોમાં ગાંધીનગર ડેપાએ પણ એસ ટી ની રોજીંદી ટ્રીપો ઘટાડીને માત્ર ૨૫ ટકા બસ વ્યવહાર જ ચાલુ રાખ્યો છે. રોજીંદી ૬૦૦ જેટલી ટ્રીપના બદલે હાલ માત્ર ૧૦૦ જેટલી ટ્રીપોનુ સંચાલન જ થઇ રહ્યુ છે. સલામત સવારીમાં હાલ મુસાફરી કરવાનુ નાગરિકો ટાળી રહ્યા છે. આ ઉપરાંત પોઇન્ટની બસ સેવા પણ મર્જ કરી દેવામાં આવી છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે કર્મચારીઓ માટે દોડતી પોઇન્ટ બસ સેવા પણ ઘટાડી દેવામાં આવી છે. આમ પણ સચિવાલયમાં કર્મચારીઓની હાજરી ઘટી છે. ત્યારે હાલ પોઇન્ટ બસ સેવાની એક ટ્રીપ પણ અન્ય રૂટોમાંથી પસાર થઇને આવે છે.

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. પ્રધુમનસિંહ કેશરીસિંહ બિહોલા
સ્વ. તા. ૨૩-૪-૨૦૨૦

'રડી પડે છે આંખો અમારી જોઈ તસવીર તમારી,
દરેક પ્રસંગોએ ખટકશે ખોટ અમને તમારી.
જીંદગી ટૂંકી હતી છતાં મમતા ઘણી મૂકી ગયા,
ક્યારેય કલ્પી ન શકાય તેવી ઓચિંતી વિદાય તમારી,
કાળજુ કંપાવી ગઈ, સમગ્ર પરિવાર છે સ્તબ્ધ,
ને છે શોકાતુર એવી વસમી વિદાય તમારી !'

આપની વસમી વિદાયને એક વર્ષ પૂરું થયું
પણ આપની યાદો હજુ હરહંમેશ અમારા
હૃદયમાં અકબંધ છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે
તેવી પ્રાર્થના કરીએ છીએ...

બિહોલા કેશરીસિંહ જી. (પિતા)
બિહોલા નિકુલસિંહ કેશરીસિંહ (ભાઈ)
ગં.સ્વ. બિહોલા વિલાસબા પ્રધુમનસિંહ (પત્નિ)
બિહોલા ભાવનાબા નિકુલસિંહ (ભાભી)
તૃષા - વિધિ (ભત્રીજી)
(બહેનો)
બિહોલા ધનલક્ષ્મીબા કેશરીસિંહ
વાઘેલા સોનલબા સુરેન્દ્રસિંહ
વાઘેલા પારૂલબા રતનસિંહ
રાઠોડ રૂપલબા સંજયસિંહ

સેક્ટર-૫/બી, પ્લોટ નં. ૭૩૨/૨, ગાંધીનગર. મો. : ૯૯૭૪૫૨૫૬૨૮

ટેલીફોનીક બેસણું

સ્વ. શર્મિલાબેન કિરણભાઈ દાતણીયા

દુઃખી હૈયે જણાવવનું કે મારા પૂજ્ય પત્નીશ્રી સ્વ.શર્મિલાબેન દાતણીયા તા.૧૩-૦૪-૨૦૨૧ ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્‌ગત આત્માનું ટેલિફોનિક બેસણું તા:-૨૩-૦૪-૨૦૨૧ ને શુક્રવાર ના રોજ રાખેલ છે.રૂબરૂ મુલાકાત ન લેતાં સોશિયલ મિડીયા તથા ફોનથી સંપર્ક કરી સંદેશ પાઠવવા વિનંતી

લિ.

કિરણભાઈ ચંદુભાઈ દાતણીયા
સંજયકુમાર કિરણભાઈ દાતણીયા
કેતનકુમાર કિરણભાઈ દાતણીયા
હિતેશકુમાર કિરણભાઈ દાતણીયા
જયશ્રીબેન સંજયકુમાર દાતણીયા
રીનાબેન કેતનકુમાર દાતણીયા
હીનાબેન હિતેશકુમાર દાતણીયા
આકાંક્ષા, ધ્રુવિન, અનન્યા,

સંપર્ક
કિરણભાઈ (૮૪૦૧૦૨૯૮૨૦)
કેતનભાઈ (૮૯૮૦૦૬૪૬૦૬)

સંપર્ક
સંજયભાઈ (૯૪૦૬૩૬૮૦૩૬)
હિતેશભાઈ (૯૫૬૪૬૧૪૯૬૪)

સ્થળ

કિરણભાઈ ચંદુભાઈ દાતણીયા
પ્લોટ નં-૧૦૨/૧, સેક્ટર-૪ A, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT®
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com